## <u>OFFLINE વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ:</u>

૧. ૫૯માં પદવીદાન સમારંભ માટે **<u>ERP System સિવાયના</u>** વિદ્યાર્થીઓ કે જેમણે જે તે પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરી હોય તેવા માર્ચ/એપ્રિલ-૨૦૨૬ સુધી તથા તે પહેલા લેવાયેલ પરીક્ષામાં સફળતાપૂર્વક પરીક્ષા પાસ થયા હોય, તે તમામ **<u>(ONLY OFFLINE STUDENT)</u>** વિદ્યાર્થીઓ માટે પદવી પ્રમાણપત્ર મેળવવા માટેના અરજીફોર્મ ઓનલાઈન ભરવા માટે યુનિવર્સિટીની વેબસાઇટ **www.vnsgu.ac.in** પર જઈ **<u>OFFLINE STUDENT</u>** ની લીંક પર **<u>CLICK</u>** (ક્લીક) કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેમાં વિદ્યાર્થીએ તેઓની માર્કશીટમાં ઉપરની બાજુએ જમણી તરફ દર્શાવેલ **<u>ID NO: (નવ આંકડાનો)</u>** લખવાનો રહેશે. (જેની માર્કશીટમાં **ID NO.** ન હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ છેલ્લી પરીક્ષાનો સીટ નંબરની આગળ “0” (શૂન્ય) લખી **ID NO.** નવ આંકડામાં લખવાનો રહેશે.)

૨. **LL.B. (General)** ની પદવી લેવા માંગતા વિદ્યાર્થીઓએ તેઓની <u>સેમેસ્ટર-૪</u> ની માર્કશીટમાં ક્લાસ દર્શાવવાની જગ્યાએ **<u>(Pass Semester – 4 only)</u>** લખેલ હોય, તેમજ **LL.B. (Special)** ની પદવી લેવા માંગતા વિદ્યાર્થીઓએ તેમની સેમેસ્ટર-૬ ની માર્કશીટમાં **<u>(Pass Semester – 6 only)</u>** એવું લખેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ આ માર્કશીટ યુનિવર્સિટી પરીક્ષા ભવનમાં **<u>Law Faculty</u>** જઈ માર્કશીટ કંમ્બાઇન **<u>(“Class” દર્શાવેલી)</u>** કર્યા બાદ જ પદવી પ્રમાણપત્ર મેળવવા માટેનું આવેદનપત્ર ભરવું અન્યથા અરજીફોર્મ અમાન્ય ગણવામાં આવશે. જે બાબતે કોઈ પત્ર-વ્યવહાર વિભાગ તરફથી કરવામાં આવશે નહિ. જેની વિદ્યાર્થીઓ એ નોંધ લેવાની રહેશે.

૩. **M.B.B.S., B.H.M.S., B. Physiotherapy, B. Optometry** ની પદવી લેવા માંગતા વિદ્યાર્થીઓએ માર્કશીટ સાથે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ખાતેથી મેળવેલું **<u>Internship Completion Certificate (ઇન્ટર્નશીપ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર)</u>** સામેલ કરવાનું રહેશે.

૪. યુનિવર્સિટી પર કોઈપણ સંજોગોમાં ડિગ્રી અંગેના આવેદનપત્રો તથા ફી સ્વીકારવામાં આવશે નહી.

૫. વિદ્યાર્થીએ કોરા પેપર પર કાળી પેનથી સહી કરી અરજીફોર્મમાં નિર્ધારીત કરેલી સાઇઝમાં, **JPG** ફોર્મેટમાં વ્યવસ્થિત ફોટો અપલોડ કરવાનો રહેશે. અપલોડ થયેલ ફોટો અને સહી બાબતે યુનિવર્સિટી કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહિ. જેની વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવા વિનંતી.

૬. અરજી ફોર્મ ભરનારા વિદ્યાર્થીઓએ વેબસાઇટ પર દર્શાવેલી તમામ સૂચનાઓ વાંચ્યા બાદ જ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. ખોટી માહિતી તથા અધુરી વિગતોવાળું તેમજ નિયત દસ્તાવેજો અપલોડ કરેલ ન હોય તો આવા ભરવામાં આવેલ વિદ્યાર્થીઓના ઓનલાઈન/ઓફલાઇન અરજીફોર્મ રદ્દ કરી ભરવામાં આવેલ ફી દફત્તરે કરવામાં આવશે તથા તે અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૭. **<u>ERP System</u>** અંતર્ગત જે વિદ્યાર્થીઓએ **<u>ONLINE</u>** મોડમાં ફોર્મ ભરી અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ કે જેમની માર્કશીટમાં **<u>SPID NO.</u>** તેમજ વિદ્યાર્થીના તેમના ફોટાવાળી માર્કશીટ હોય, એવા વિદ્યાર્થીઓએ આ **<u>OFFLINE</u>** મોડમાં પદવી પ્રમાણપત્ર મેળવવા માટે અરજીફોર્મ ભરવાનું રહેતું નથી. **<u>ERP System</u>** વાળા **<u>ONLINE</u>** વિદ્યાર્થીઓ **<u>OFFLINE</u>** મોડમાં અરજીફોર્મ ભરશે તો તેઓના અરજીફોર્મ રદ કરી ભરેલ ફી દફત્તરે કરવામાં આવશે.

૮. વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન/ઓફલાઈન અરજીફોર્મમાં જે વિગતો, ફોટો અને સહી અપલોડ કરી હશે એ મુજબ પદવી પ્રમાણપત્રો બનશે. જે અંગે પાછળથી યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ જેથી વિદ્યાર્થીઓ અરજીફોર્મ ચોક્કસાઈ પૂર્વક ભરવાનું રહેશે.

૯. સિન્ડિકેટ તા.૨૧/૦૯/૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક:૨૬ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં પ્રથમ વર્ષ એલએલ.બી.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના બેચથી પ્રવેશ મેળવનારને સેમેસ્ટર-૪માં પાસ થયેલ વિદ્યાર્થીઓએ **LL.B. (General)** ની પદવી પ્રમાણપત્ર મેળવવા માટે **Offline** મોડમાં પણ અરજીફોર્મ ભરશે તો પણ આ અરજી તેમજ ભરેલ ફી દફતરે કરવામાં આવશે. જે બાબતે કોઈ પત્ર-વ્યવહાર વિભાગ તરફથી પણ કરવામાં આવશે નહિ. જેની વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવાની રહેશે.

૧૦. વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન/ઓફલાઈન અરજી ફોર્મની ફી પેમેન્ટ ઓનલાઈન થી જ કરવાનું રહેશે. યુનિવર્સિટી ખાતે કેશ (રોકડ) લેવામાં આવશે નહી. ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ **PAYMENT SUCCESSFULLY** વાળી રસીદની પ્રિન્ટ કોપી પોતાના ડેસ બોર્ડ પરથી ડાઉનલોડ કરી લેવી અને જ્યારે ડિગ્રી સર્ટિફિકેટ લેવા આવો ત્યારે અથવા કે કોઈ ડિગ્રીની મુશ્કેલી માટે યુનિવર્સિટી ખાતે રજૂઆત કરવા આવો ત્યારે ફરજિયાત રસીદની હાર્ડ કોપી લાવવાની રહેશે. પદવી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે **PAYMENT SUCCESSFULLY** થાય તે જ રસીદ માન્ય ગણાશે બેન્કનો મેસેજ કે અન્ય મેસેજ રસીદ તરીકે ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૧૧. પદવી પ્રમાણપત્ર મેળવવા ઇચ્છુક પદવીધારકોએ તા.૦૫/૦૬/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી અરજીફોર્મ ભરી યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ રૂ.૩૯૦/- (પોસ્ટેજ ચાર્જ સહિત) ફી ભરવાની રહેશે. ત્યારબાદ જે વિદ્યાર્થીઓ અરજીફોર્મ ભરવા ઇચ્છુક હોય, તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ફી ઉપરાંત નિયત કરેલ લેઇટ ફી રૂ.૫૦૦/- સહિત અરજીફોર્મ ભરવાનું રહેશે. જેની વિદ્યાર્થીએ ખાસ નોંધ લેવી.

**(The students who willing of obtaining the degree certificate have to fill the application form from 05/06/2026 to 30/06/2026 and pay the fee of Rs.390/- (including postage charges) prescribed by the university. After that, the students who are willing to fill the application form, the students have to fill the application form along with the prescribed late fee of Rs.500/- in addition to the fee prescribed by the university. Which the student has to take special note.)**

૧૨. આ પદવી સમારોહમાં પદવી પ્રમાણપત્ર મેળવવા ઇચ્છુક આઈ.સી.સી.આર. **(ICCR)** મારફત અભ્યાસ પૂર્ણ કરેલ તેમજ વિદેશમાં રહેતા **(Abroad)** વિદ્યાર્થીઓ જો તેમના કાયમી રહેઠાણના સ્થળે પદવી પ્રમાણપત્ર પોસ્ટ દ્વારા મંગાવવા ઇચ્છતા હોય તેમણે યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ફી ઉપરાંત **Abroad** પોસ્ટેજ ચાર્જ સહિત ફી ભરવાની રહેશે. જયારે ભારત **(INDIA)** દેશમાં પદવી પ્રમાણપત્ર મેળવવા ઇચ્છુક પદવીધારકોએ યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ રૂ.૩૯૦/- (પોસ્ટેજ ચાર્જ સહિત) ફી ભરવાની રહેશે. જેથી પદવી પ્રમાણપત્ર મેળવવા ઇચ્છુક તમામ વિદ્યાર્થીઓએ સૂચનાઓ વાંચી ધ્યાનપૂર્વક અરજીફોર્મ તેમજ ફી ભરવાની રહેશે, ભરેલ ફી રિફંડને પાત્ર રહેશે નહી. અરજીકર્તા વિદ્યાર્થીઓએ સૂચના (૬) પણ ધ્યાનમાં લેવાની રહેશે.

**(The Students who have completed their studies through the ICCR scholarship and wish to receive their degree certificate by post at their permanent residence outside India must pay the fee, which includes abroad postage charges in addition to the fee prescribed by the University. Those who want to get their degree certificate by post within India need to pay a prescribed fee of Rs.390/- (including postage charges). All students requesting their degree certificate must read the instructions carefully and fill the application form and pay the fee accordingly. Please note that the fee paid is non-Refundable. Applicant students should also consider instruction (6).)**

**--Sd--**

પરીક્ષા નિયામક